# અરવલ્લી-સાબરકાંઠામાં કૃષ્ણ જન્મોત્સવ ભાવપૂર્વક ઉજવાયો

## જય રણછોડ... માખણ ચોરના નારા ગુંજી ઉઠ્યા : ઇસ્કોન સંસ્થા મોડાસા પંચામૃતથી ભગવાન કૃષ્ણને અભિષેક

મોડાસા, તા. ૪

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં મંગળવારે વિવિધ



સ્થળોએ તેમજ મંદિરોમાં જન્માષ્ટમીનું પર્વ ભારે ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉજવણી કરી રાત્રીના ૧૨ના ટકોરે જન્મોત્સવની સાથે નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કીના નાદથી બંને જિલ્લાનું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. યાત્રાધામ શામળાજી ખાતે જન્માષ્ટમીની ઉજવણીમાં વહેલી સવારથી જ ભક્તો દ્વારા ભગવાન શામળિયાના દર્શન કરી ભવ્યાતિભવ્ય ઉજવણીમાં જોડાવવા હજ્જારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. મોડાસા શહેરની ઈસ્કોન સંસ્થા દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. બંને જિલ્લામાં કેટલાક સ્થળો પરંપરાગત લોક મેળા ભરાતા માનવ મહેરામણ ઉમટ્યું હતું.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કૃષ્ણજન્મોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવણીમાં પ્રજાજનો ભક્તિમાં લીન બની ગયા હતા. અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે આવેલ રમણીય યાત્રાધામ શામળાજી ખાતે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ભાવ અને શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. જન્માષ્ટમીમાં ભગવાન કાળીયાદેવના દર્શનાર્થે શામળાજી મંદિરમાં સમગ્ર ગુજરાત, રાજસ્થાન તેમજ અન્ય રાજ્યોમાંથી હજ્જારોની સંખ્યામાં ભાવી ભક્તો ઉમટ્યા હતા. જન્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે શામળાજી મંદિરમાં દર્શનાર્થીઓના ભારે ધસારાને ધ્યાને રાખી મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરમાં એલ.ઈ.ડી. સ્ક્રીન દ્વારા દર્શનની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. મંદિરને કેળ, આસોપાલવ, વાંસના તોરણો તેમજ લાઈટોની રોશનીથી શણગારી શામળાજી ગામમાં આસોપાલવના તોરણો બાંધી સમગ્ર શામળાજીમાં યુવાનો દ્વારા કૃષ્ણજન્મોત્સવ માટે ૧૦૦થી વધુ મટકીફોડ કાર્યક્રમો યોજી પરંપરાગત ગીત-સંગીતના તાલે ઝુમી ઉઠ્યા હતા. ભગવાન કાળીયાઠાકોરની શોભાયાત્રામાં ૫૦૦ કિલો અબીલ-ગુલાલની છોડો ઉડતા વાતાવરણ રંગીન બની ગયું હતું.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કેટલાક વિસ્તારો જેવા કે શામળાજી, શામપુર કુંઢેરા મહાદેવ મંદિરે, મોડાસા નજીક સબલપુરગામે પરંપરાગત લોકમેળાઓ ભરાયા હતા. મોડાસાના ઈસ્કોન સંસ્થાના અનિલ પ્રભુ, નિલેશ જોશી સહીત ટ્રસ્ટ અને ભક્તજનો દ્વારા દાડમ, ચીકુ, સફરજન, કેળાના જ્યુસ, દૂધ, સાકર પંચામૃતથી અભિષેક કરવાની સાથે નંદ લાલાને છપ્પનભોગ ધરાવવામાં આવ્યો હતો. રાસલીલા અને કૃષ્ણ નાટ્યમ



ભજવાયું હતું. મોડાસાના ઓધારી માતાજીના મંદિરે ધામધૂમપૂર્વક નંદ મહોત્સવ અને મટકીફોડ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં મોડાસાના અબાલ, વૃદ્ધ સૌ કોઈ ઉપસ્થિત રહ્યા હતા. મોડાસા વાય.બી.એ.ની ટીમ દ્વારા ઋષિકેશ, કૃષ્ણનગર, નિજધામ સોસાયટીમાં ડી.જે.ના તાલે ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી. વાંટડા ગામે કુલઝમ ગ્રુપ દ્વારા કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો.

## ભિલોડામાં નવા ભવનાથના મેળામાં માનવ મહેરામણ ઉમટ્યું

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે નવાભવનાથના મેળામાં હૈયે-હૈયું ભીડાય તેટલી માનવ મેદનીના ઘોડાપુર પવિત્ર પાવન શ્રાવણ માસના છેલ્લા સોમવારે ઉમટ્યા હતા. વર્ષોની પરંપરા અનુસાર પવિત્ર પાવન શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારના રોજ શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદીરમાં દર્શનાર્થે ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. શિવજીના મંદીરોમાં ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. હાથમતી જલાગાર, ઈન્દ્રાસી જલાગારની વચ્ચે આવેલા શ્રી સ્વયંભુ ભુવનેશ્વર મહાદેવ મંદીર જુનાભવનાથ મંદીર પટ્ટાંગણમાં ભાવિક ભક્તોના ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યા હતા. નવા ભવનાથ શ્રી ભુવનેશ્વર મહાદેવ ટ્રસ્ટ, નવા ભવનાથ ગામ સેવા ટ્રસ્ટ સહિત સેવાભાવી કાર્યકરોએ નવા ભવનાથના મેળાને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.



શિવાલયોમાં પવિત્ર પાવન શ્રાવણ માસના છેલ્લા સોમવારે વહેલી પરોઢથી ઠેર-ઠેર શિવાલયોમાં ભાવિક-ભક્તો શિવ મંદીરોમાં આરતીમાં ભાગ લઈ બીલીપત્ર, દુધ ચઢાવી ભોળા શંકર ભગવાન શિવ આષુતોષના આશિર્વાદ મેળવવા કતારો લાગી હતી. શિવાલયોમાં ૐ નમઃ શિવાય, બમબમ ભોલે, હર હર મહાદેવના નાદ વહેલી સવારથી ગુંજતા હતા.

ભાતિગળ સંસ્કૃતિમાં લોકમેળાનું પવિત્ર પાવન શ્રાવણ માસના છેલ્લા સોમવારનું વિશેષ મહત્વ છે.ભાતીગળ સંસ્કૃતિના દર્શન લોકમેળાઓમાં જોવા મળતા હોય છે.પર્વ,ઉત્સવો,મેળાઓ ભારતીય સંસ્કૃતિના પ્રતિકો છે. આ ઉજવણીથી આનંદ તો મળે છે સાથે-સાથે શરીરને ઉર્જા મળવાથી સ્ફુર્તી,જોમ આવે છે.પરીણામ સ્વરૂપ શારિરીક અને માનસિક થાક પણ મેળામાં મહાલવાથી ઉતરી જતો હોય છે.

ભિલોડામાં નવાભવનાથના મેળામાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. હૈયે-હૈયું ભીડાય તેવી માનવ મેદની હાર્દસમા માર્ગો ઉપર ઠેર-ઠેર કીડીયારા ઉભરાયા હતા. નવા ભવનાથના મેળા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એ.એસ.પટેલ ધ્વારા ઠેર-ઠેર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

## પ્રાંતિજમાં જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકાના ગામ્ય વિસ્તારોમાં કૃષ્ણ જન્મને લઈ કૃષ્ણ મંદિરો સહિત શેરીઓ ગલ્લીઓ અને મહેલ્લાઓમાં રાત્રીના ૧૨ના ટકોરે ઠેરઠેર મટકી ફોડ કાર્યક્રમો યોજાયા હતા.

પ્રાંતિજ સહિત તાલુકામાં કૃષ્ણ જન્મને લઈને સવારથીજ વિવિધ મંદિરોમાં તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી. દિવસભર નંદ મહોત્સવ અલગ અલગ જગ્યાએ કાર્યક્રમો યોજાયા હતા અને ગરબા, રાસગરબા, ભજન સહિત રાત્રીના બારના ટકોરે મટકીફોડ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં કનૈયાની સેના દ્વારા જુદી જુદી જગ્યાએ મટકી ફોડવામાં આવી હતી જેમાં લાલદરવાજા, રામજીમંદિર રાવળવાસ, શ્રી વેરાઈ માતાનાં મંદિર, કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર સહિત વિવિધ યુવક મંડળીઓ દ્વારા મટકી ફોડ કાર્યક્રમો યોજાયા હતાં અને ૧૨ વાગ્યાના ટકોરે મંદિરની અંદર બનાવેલ કુટીરોમાં કૃષ્ણનો જન્મ પછી



ઘોડીયામાં ભગવાન કાનાને હિંચકે ઝુલાવવા માટે પણ ભકતોની પડાપડી જોવા મળી હતી અને જય કનૈયાલાલકીની ધુન સાથે આખુંય વાતાવરણ ભક્તિમય બની ગયુ હતું.

## ભિલોડામાં જન્માષ્ટમીની આનંદ ઉત્સાહભેર ઉજવણી

ભિલોડા,તા.૪

ભિલોડામાં લોકનાયક ભગવાન શ્રી કૃષ્ણ જન્મોત્સવના હેપ્પી બર્થ ડે સમાન જન્માષ્ટમી



પર્વની આનંદ ઉત્સાહભેર ભક્તિભાવપુર્વક ભવ્યાતિભવ્ય ઉજવણી યોજાઈ હતી. જન્માષ્ટમીના મહાપર્વ નિમિત્તે રાત્રે ભજનો,ધુનો,લોકડાયરાની રમઝટ ભક્તોએ બોલાવી હતી. જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ભિલોડામાં શ્રી લક્ષ્મીનારાયણ મંદીર ખાતે જન્માષ્ટમીના પર્વની દબદબાભેર ઉજવણી યોજાઈ હતી. ભિલોડાના હાર્દસમા વિવિધ વિસ્તારોમાં મટકીઓ બાંધવામાં આવી હતી. ભિલોડામાં ઠેર-ઠેર ઉંચા-ઉંચા માનવ પીરામીડો બનાવી મટકી ફોડવાના ભવ્ય કાર્યક્રમો નવયુવાનો ધ્વારા યોજાયા હતા. શ્રી લક્ષ્મીનારાયણ મંદીર ચોકલી ચોકથી શ્રી કૃષ્ણભગવાનની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.બેન્ડવાજાની સાથે-સાથે સંગીતની શુરાવલી વચ્ચે વાજતે-ગાજતે શોભાયાત્રા વિવિધ માર્ગો ઉપર ફરી નીજ મંદીરે શોભાયાત્રા પરત ફરી હતી. કૃષ્ણ ભગવાનની શોભાયાત્રામાં અબીલ-ગુલાલ,કંકુની છોળો ઉડતી હતી.ભાવિક ભક્તો ભક્તિના રંગમાં રંગાઈ ગયા હતા. નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયાલાલ કી... હાથી ઘોડા પાલકી... જય રણછોડ માખણચોર...ના જયઘોષના નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ભિલોડાવાસીઓ કૃષ્ણઘેલા બની ગયા હતા. ભિલોડા જન્મોત્સવ સમિતી હોદ્દેદારો, કાર્યકરો, ગ્રામજનોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. જન્મોત્સવ સમિતી ધ્વારા શ્રી કૃષ્ણ ભગવાનની શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. શોભાયાત્રાનું પ્રસ્થાન સામાજીક, રાજકીય આગેવાનો અને ગ્રામજનોએ કરાવ્યું હતું.



અરવલ્લી જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં ઠેર ઠેર શિવાલયોમાં ૐ નમઃ શિવાયના નાદ ગુંજી ઉઠ્યા હતા. આજે પવિત્ર શ્રાવણ માસમાં છેલ્લા સોમવારે શિવાલયો શ્રધ્ધાળુઓથી ઉભરાયાં હતા. પોસાલીયા ગામે અતિ પ્રાચીન સ્વયંભુ લોકેશ્વર મહાદેવજીના મંદિરે પણ ગુજરાત સહિતના ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા હતા.



### મેઘરજના રોલેશ્વર મહાદેવ મંદિરે દર્શનાર્થીઓ ઉમટ્યા

મેઘરજ તાલુકાના રોલેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણના છેલ્લા સોમવારે ભગવાન મહાદેવજીના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટ્યા હતા. દર્શન કરવા માટે ભક્તોની મોટી લાઈનો લાગી હતી. ભક્તો દર્શન કરી ભંડારામાં જઈ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવતા જોવા મળ્યા હતા.

## મોડાસાના સુરપુર નજીક વેગન-આર કાર પલ્ટીને ખાડામાં ખાબકી, ચારનો આબાદ બચાવ

મોડાસા, તા. ૪

શામળાજી-ગોધરા હાઈવે પર આવેલા મોડાસાના મરડીયા-સુરપુર નજીક અંબાજી-શામળાજી યાત્રાધામ દર્શન કરી પરત ફરતા મોડાસાના સુથાર પરિવારની કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડની બાજુમાં આવેલા ખાડામાં ખાબકી હતી. કારનો ભુક્કો બોલાઈ ગયો હતો. સદનસીબે કારમાં સવાર ૪ લોકોનો આબાદ બચાવ થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



### ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં શાકભાજીના હિંડોળા

ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસ નિમિત્તે વિવિધ હિંડોળા ભરવામાં આવ્યા હતા. શ્રાવણમાસમાં ભક્તોએ આ હિંડોળાનો લાભ લીધો હતો. ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## મોડાસાથી રણુંજા (રામદેવરા) ૮૦૦ કી.મી. ભવ્ય ૩૪મી પદયાત્રાનું પ્રસ્થાન

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસાની શ્રી રામદેવ મંડળ સેવા સંઘ દ્વારા છેલ્લા ૩૩ વર્ષથી યોજાતી ૮૦૦ કી.મી.ની મોડાસા-રામદેવરાની પદયાત્રાનો ૩૪માં વર્ષે જન્માષ્ટમીના પવિત્ર દિવસે સંતો, મહંતોના આશીર્વચન સાથે ભવ્ય પદયાત્રાનું ૧૧૧ ફૂટની ધર્મધજા સાથે પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાના મોટી સંખ્યામાં રામદેવ ભક્તો, નાગરિકો અને સામાજિક અગ્રણીઓ મોટા સમુદાયમાં ઉપસ્થિત રહી પદયાત્રા સંઘનું વાજતે-ગાજતે, ભજન કીર્તન સાથે પ્રસ્થાનમાં જોડાયા હતા. ૧૧૧ ફૂટની ધર્મધજા નિહાળવા પ્રજાજનો ઉમટી પડ્યા હતા. બ્રહ્મલીન મહંત શ્રી ૧૦૮ ચન્દુનાથજી યોગી પ્રેરિત મોડાસાથી રણુજાની ૩૪મી ભવ્ય પદયાત્રા મહંત ધર્મેન્દ્રનાથજી મહારાજ અને મહંત જશવંતનાથજી યોગીના સાનિધ્યમાં પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. ૧૪ દિવસ પછી યાત્રા રામદેવરા પહોંચશે. પદયાત્રામાં મોડાસાના દેવરાજધામના મહંત ધનેશ્વરગીરી, મહંત બાલકદાસ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, નિલેશ જોશી, પૂર્વ મેયર શૈલેષભાઈ, અમિત કવિએ શ્રીફળ આપી શુભેચ્છા પાઠવી હતી. આ પદયાત્રામાં અરવલ્લી જીલ્લાના આજુબાજુના ૬ જીલ્લાના ૧૦૦૦થી વધુ ભક્તો જોડાઈ ધન્યતા અનુભવે છે. મોડાસાથી રામદેવરા સુધી વિશાળ ૧૧૧ ફૂટના નેજાને નિહાળવા લોકોમાં વિશેષ આકર્ષણ કેન્દ્ર બને છે.



મોડાસા નગરમાં બ્રહમલીન મહંત ચંદૂનાથજી યોગી પ્રેરીત મોડાસાથી રામદેવરા ૮૦૦ કીમીની ભવ્ય પદયાત્રાનું આયોજન શ્રી રામદેવ મંડળ સેવા સંઘ મોડાસાના અધ્યક્ષ ધર્મેશ્વર યોગી મંત્રી જશવંતભાઈ યોગીના નેતૃત્વમા જન્માષ્ટમીના રોજ ધારાસભ્ય મોડાસા દેવરાજમહંત ધનગીરીબાવજી પત્રકાર ભરતભાઈ પરમાર રૂપચંદજીની ઉપસ્થિતિમાં પ્રસ્થાન કરવામાં આવી. આ પદયાત્રામા આસપાસના ૬ જિલ્લામાંથી આવતા ૧૧૧ ફૂટના નવનેજા આકર્ષણ બની રહેલ. આ પદયાત્રામા મોટી સંખ્યામાં પદયાત્રીઓ જોડાયા હતા.

## મોડાસાના ઓધારી મંદિરે શીતળા માતાની પૂજા માટે મહિલાઓનો ધસારો

પવિત્ર શ્રાવણ માસ હિન્દુ ધર્મ માટે પવિત્ર મહિનો ગણાય છે. હિન્દુ ધર્મના મુખ્ય તહેવારોનો પ્રારંભનો મહિનો છે. મોડાસાના માલપુર રોડ પર આવેલા ઓધારી માતાના મંદિરે શીતળા સાતમના દિવસે મોટી સંખ્યામાં મહિલાઓ શીતળા માતાની પૂજા કરવા અને તેમના સંતાનોના દીર્ધાયુ માટે વ્રત રાખી બાળક બીમાર ન થાય તે માટે આશીર્વાદ લીધા હતા. ઓધારી માતાના મંદિરે મોટી સંખ્યામાં મહિલાઓ ભકિત-આરાધના કરી ધન્યતા અનુભવી હતી . ઓધારી મંદિરના પૂજારી અતુલભાઈ જોશીના જણાવ્યા અનુસાર શીતળા સાતમે દર વર્ષે મોટી સંખ્યામાં મહિલાઓ વહેલી સવારથી પૂજા-અર્ચના માટે આવતા હોવાથી તેમને પૂજા વિધિમાં કોઈ તકલીફ ના પડે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે.